જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૧૦૪/૧૭

"રાજ્ય બહાર ખાસ કરીને મુંબઈ કાંદીવલી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગાડીઓની ડીકીમાંથી પૈસાની ચોરી કરતા રીઢા આરોપી "સંજય ઉર્ફે ગટીયો " પકડી પાડતી ક્રાઈમ બ્રાન્ચ"

અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધી બનતા ગુન્હાઓ શોધી કાઢવા સારુ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાજદીપસિંહ ઝાલા સાહેબનાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ સબ ઈન્સપેક્ટર બી.એચ.કોરોટ સાથેના સ્ટાફના માણસો સાથે અમદાવાદશહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કુબેરનગર બંગલા એરીયા પાસેથી સાથેના સ્ટાફના માણસો પાસેથી બાતમી હકીકત મળેલ કે 'મુંબઈ કાંદીવલી પોલીસ સ્ટેશન ખાતેના ફ.ગુ.ર.નં.૪૫/૧૬ ઈ.પી.કો.કલમ ૩૭૯,૩૪ મુજબના ગુનાનો નાસતો-ફરતો આરોપી સંજય ઉર્ફે ગટીયો મહેશભાઈ બજરંગી નાઓ કિશોર સ્કુલ તરફથી ચાલતો નિકળી અત્રે થઈ સૈજપુર ટાવર તરફ જવાનો છે જેણે શરીરે કાળા કલરનુ ટી-શર્ટ તથા વાદળી કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે" જે બાતમી હકીકત આધારે આરોપી સંજય ઉર્ફે ગટીયો મહેશભાઈ બજરંગી ઉ.વ.૨૩ રહે-નવ ખોલી છારા નગર કુબેરનગર અમદાવાદ પકડી પાડેલ અને તેઓની સઘન પુછપરછ કરતા તેઓએ આજથી આશરે નવ દશ મહીના પહેલા મુંબઈ કાંદીવલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોતાની ગેંગના માણસો સાથે મળી ૧૮ લાખની ચીલ ઝડપ કરેલ છે અને જે સબંધે કાંદીવલી પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૪૫/૧૬ ઈ.પી.કો.૩૭૯,૩૪ મુજબનો ગુન્હાનો દાખલ થયેલ છે અને જેમાં આ આરોપી ભાગતો ફરતો છે.અને આરોપીની વિશેષમાં પુછપરછ કરતા સદરહુ આરોપીએ પોતાની ગેંગના માણસો સાથે મળી ઉપરોક્ત ગુન્હો આચર્યા પહેલા કાંદીવલી વિસ્તારમાંથી રૂ.૩ લાખની બીજી પણ ચીલ ઝડપ કરેલ છે અને સદરી બાબતે તપાસ કરતા કાંદીવલી પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં.૧૨/૧૬ ઈ.પી.કો.કલમ -૩૭૯,૪૨૭,૩૪મુજ્બનો ગુન્હો રજી. થયેલ છે અને જે ગુન્હાના કામે આ આરોપી વોન્ટેડ છે.

આ આરોપીનો ગુનાહીત ભુતકાળ જોતાં ઉપરોક્ત આરોપી અમદાવાદ શહેર ખાતે સરદારનગર પોલીસ સ્ટેશન, ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન, નવરંગપુરા પોલીસ સ્ટેશન, સોલા પોલીસ સ્ટેશન ખાતે ચોરીના ગુન્હામાં પકડાયેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)